## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

કાળી-ધોળી દાઢીથી તો પોકારો તોબા, બાપ..રે છે!
ઉખડે પોપડાં કરતૂતોનાં પાપ છાપરે છે
ઉપરથી નીચે સુધી ચાલે અહીં ચમચાગીરી -
ખાખી ને તો અંગત પટાવાળા જેમ વાપરે છે..

### હાઈકુ

મહિલા બેન્ક!
સુરક્ષાવાળા પણ?!
ને લૂટારા ય?!
(-તો ખાતેદાર કોણ?!)

ભાડૂતી ભીડે,
મિડિયાથી મપાય -
લોકપ્રિયતા?!
(રેલી-સભામાં, સંખ્યા)

### ચિંતન

મૃગમીન સજ્જનાનાં તૃણજ બસન્તોષવિહિત વૃત્તીનામ્ ।
લુબ્ધકધીવર પિશુનાં નિષ્કારણ વૈરિણો જગતિ ॥

ભતૃહરિ નીતિશતકનો આ શ્લોક છે :

'ઘાસ, પાણી અને સંતોષ જેવાં તદ્દન સામાન્ય જરૂરિયાતોથી જે પોતાનો જીવન નિર્વાહ-આજીવિકા કોઇને પણ કષ્ટરૂપ થયા વિના ચલાવે છે એવાં-મૃગો-માછલી અને સજ્જનોના, શિકારીઓ, માછીમારો અને દુષ્ટજનો (ચોર-લૂંટારા-ઠગ લોકો) વિના કારણે તેમની સાથે વૈરભાવ રાખી હેરાન કરે છે.'

અમૂક લોકોના મનમાં વિના કારણ ક્રોધ, દ્વેષ, ઇર્ષ્યા, અને વૈરભાવનો વાસ હોય છે. એમનું કોઇ કંઇ જ બગાડતું ન હોય, એમને અડચણરૂપ પણ ન હોય, એમનો પરિચય પણ ન હોય ત્યારે એમનાં માટે દ્વેષભાવ રાખવાનો તો પ્રશ્ન ક્યાંથી ઊભો થાય?

કટ્ટરવાદીઓની વિચારશ્રેણી અને આતંકીઓની વિચારશૈલી આવી હોય છે માનવ સમાજ, જાતિ-જ્ઞાતિ-ધર્મ પ્રત્યે એમને દુશ્મની હોય છે એમાં નિર્દોષ તરત જન્મેલાં કે શાળામાં અભ્યાસ કરતાં ફૂલ જેવા કોમળ બાળકોએ એમનું શું બગાડ્યું હોય? નિર્દોષ વૃદ્ધો-પશુ-પંખીઓ-જેવા નિર્દોષનો પણ કટ્ટરવાદીઓ જીવતાં બાળી નાખે છે અને આતંકીઓ 'બ્લાસ્ટ' દ્વારા ફૂરચા ઉડાવી દે છે.

દુષ્ટજનો, શિકારીઓ, ચોર, લૂંટારાઓમાં દયાનો એક છાંટો પણ નથી હોતો - એ લોકો નિર્દોષ-ભોળાં લોકો પ્રત્યે પણ દ્વેષભાવ રાખે છે.

### સુવિચાર

- 'હું નાની નાની વાતમાં નંદવાઇ જાઉં છું, એટલે જે વાતમાં સુખ મળે તે સુખમાં ઝુમી ઉઠવું, અને જે વાતનું દુઃખ મળે તે દુઃખ અનુભવવું' - **કાન્તિ ભટ્ટ**
- સુખ છે મંજીરા મીરાંના, તો દુઃખ પણ કરતાલ છે સાંઇ, જેવી જેની કરમ-કુંડળી, એવા એના હાલ છે સાંઇ - **ચંદ્રેશ મકવાણા**
- મર્મને બથ ભરો સત્ત્વ ચગળ્યા કરો, તત્ત્વની આગમાં કેમ સળગ્યા કરો?- **એસ. ભટ્ટાચાર્ય**
- જે વાત કહેવી અઘરી લાગે છે, જે વાત કહેતાં સંકોચ થાય છે, જે વાત કહેતાં અહમ્ નડે છે તે લખવી સરળ છે. જો બોલીને વ્યક્ત ન થવાય તો માણસે લખીને વ્યક્ત થવું જોઇએ - **જ્ઞાનસૂત્ર**
- ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળનો માનવસર્જિત વિભાજન છે. ખરેખર તો કાળ અખંડ છે, વહેતા પાણી પર જેમ કશું લખી શકાતું નથી તેમ સરતા સમય પર કશું જ અંકિત કરી શકાતું નથી - **ધ્યાનસૂત્ર**
- આજના જમાનાની સાર્વત્રિક સમસ્યા "વિચાર શૂન્યતા" - **હરિન્દ્ર દવે**
- 'ગરીબી' એ નમ્રતાની પરીક્ષા અને મૈત્રીની કસોટી છે - **મિલ્ટન**

### બોધ કથા

'આપણા વિચારો, દૃષ્ટિ, લાગણી-પ્રેમ-વાત્સલ્ય-ક્રોધ-દ્વેષ-વિરોધના મનમાં ચાલતા વિચારો આપણી આંખ અને ચહેરા પરનાં ચિહનો-મનોભાવમાં વગર શબ્દે પણ અભિવ્યક્ત થઇ જતા હોય છે માત્ર એ વાંચી શકનારની અનુભવી દૃષ્ટિ હોવી જોઇએ..'

બીરબલે, સાંજે બગીચામાં ફરતાં ફરતાં રાજાને આ વાત કહી.. રાજા કહે એવું ન હોય, ચાલાક માણસ નાટક-અભિનય-દંભ દ્વારા આ 'ભાવો' છૂપાવી શકે! બીરબલ સંમત ન થયો. રાજા કહે સાબિત કરી આપ..

બીજે દિવસે બજારમાંથી પસાર થતાં રાજાએ એક વેપારીને જોયો-પોતાના નોકરને ધમકાવતો હતો અને રાજા સામે પણ ન જોયું, અવિનય સ્પષ્ટ દેખાતો તો, રાજાએ બીરબલ સામે જોયું, બીરબલ તરત સમજી ગયો, અને વેપારીને દરબારમાં હાજર થવા ફરમાન કર્યું.

બીરબલે અભયવચન આપીને પૂછ્યું, 'બોલો અમે પસાર થતાં હતા ત્યારે તમે તમારા મનમાં શું વિચાર કરતા હતા? સાચું બોલશો તો ક્ષમા સાથે ઇનામ પણ આપશું.'

તમે પસાર થતા હતા તે પહેલાં જ મારી દૂકાને તમારા અધિકારીઓ દબાણપૂર્વક 'હપ્તા' ઉઘરાવી ગયા. અમે નીતિથી વેપાર કરીએ છીએ છતાં... એટલે તમે પસાર થયા ત્યારે મારા મનમાં તમને તમાચો મારવાની ઇચ્છા થઇ હતી.

રાજાએ ખાતરી કરાવી-વેપારી સાચો હતો. હપ્તાની બમણી રકમ ઇનામમાં આપી વિદાય કર્યો અને બીરબલ પાસે કાનપટ્ટી કરી.

Email - sureshchandrabhatt18@gmail.com

# સિંહાસન ખાલી કરો કી જનતા આતી હૈ...

### કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

ચુનાવી મૌસમની તડાફડી છે. લોકતંત્રનો ધબકાર હજી ધબકે છે, રેલીઓ, ભાષણો, વિવાદો, નોટીસો, સીડીઓ, આરોપો, પ્રત્યારોપો, પત્રો, પ્રતિ-પત્રોની રાજનીતિથી સવારના અખબારો લબરેઝ છે. શિયાળાનો ઠંડો પવન છે. ચર્ચાઓનો ગરમ દોર છે! અફવાઓ અને અટકળોનું બજાર જોશમાં છે! વોટીંગ મશીનોની છાતીઓમાં લોકશાહીનું હૃદય પ્રાણ લઇ રહ્યું છે...

આ વખતથી ચૂંટણીઓમાં એક નવા ઉમેદવારે નામ નોંધાવી દીધું છે - આ વખતથી ચૂંટણીઓમાં એક નવા ઉમેદવારે નામ નોંધાવી દીધું છે - **NOTA !! None of The Above !** ઉપરોક્તમાંથી કોઇ નહિં! કોઇ પસંદ જ ના આવે પણ એક પ્રકારની પસંદગી જ થઇને! રાજકીય પક્ષો પર દબાણ વધ્યું છે,જુઠું સંભાળી સંભાળીને બોલવું પડશે! ઉપરોક્તમાંથી કોઇ નહિં! કોઇ પસંદ જ ના આવે પણ એક પ્રકારની પસંદગી જ થઇને! રાજકીય પક્ષો પર દબાણ વધ્યું છે,જુઠું સંભાળી સંભાળીને બોલવું પડશે! માઇકોના ત્રાસવાદથી જનતાને ઉગારનાર શ્રી કૃષ્ણ તરફ નજર છે સૌની! ભારતના ભાગ્ય વિધાતા બનવાના દાવાઓ કરનાર પોતાની અંદર ઝાંખે એ જરૂરી છે!

દિલ્હી વિધાનસભાની ચુંટણી રોચક બની રહી છે. જો આમ આદમી પાર્ટીની સરકાર બની તો ભારતીય રાજકારણના ઇતિહાસમાં નવો વાયરો ફૂંકાશે એ નક્કી! ૨૦૧૧ ના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના અવશેષોમાંથી ઊભી થયેલી આ પાર્ટીના સ્થાપકોને ખુદ વિશ્વાસ નહિ હોય કે આટલા ટૂંકા ગાળામાં તે આટલી લોકપ્રિયતા પામશે! રાજનીતિના પતન અને નવા વિકલ્પોના અભાવથી આમ આદમી ગ્રસ્ત છે! રાજનીતિક નિરાશાના માહોલમાં એક આદમી ઝઝૂમી રહ્યો છે બેરોજગારીથી, જૂઠા વાયદાઓથી, જીવ કાપવા દોડતી મોંઘવારી અને છાતી પર રોજ સવારે વાચતી ગરીબી થી! પસંદગી સારા અને વધુ સારા વચ્ચે નહિ પણ ખરાબ અને ઓછા ખરાબ વચ્ચેની બની રહી છે, ત્યારે આ માહોલમાં આમ આદમી પાર્ટીએ આશાનું એક નવું કિરણ તો દેખાડ્યું જ છે! ભારતીય રાજનીતિના કોઠા વીંધવા એટલા સરળ નથી! લોકતંત્ર જ આ રાજનીતિનું રક્ષણ અને ભક્ષણ બંને કરે છે! આ ભારત છે જયાં આઝાદી પછીના દોરમાં એક એવી રાજનીતિ જન્મી જેણે આમ આદમીની મુસીબતો વધારી મુકી! એક તરફ લોકતાંત્રિક સમાજવાદના નામે લાયસન્સ - ક્વોટા - પરમીટ રાજે આર્થિક અને પરિણામે સામાજિક વિકાસ પર મંથર અને રાજનીતિ - કેન્દ્રિય

**આ વખતથી ચૂંટણીઓમાં એક નવા ઉમેદવારે નામ નોંધાવી દીધું છે - NOTA !! None of The Above! ઉપરોક્તમાંથી કોઈ નહિં! કોઈ પસંદ જ ના આવે પણ એક પ્રકારની પસંદગી જ થઈને! રાજકીય પક્ષો પર દબાણ વધ્યું છે,જુઠું સંભાળી સંભાળીને બોલવું પડશે!**

બનાવ્યો! કાયદાઓની માયાજાળ પણ એવી રીતે ગૂંથાઇ કે કાયદો બનાવનાર એની લપેટમાંમાં ના આવી શકે. વિરોધિતાઓની એક આખી દુનિયા ઊભી થઇ ગઇ હિન્દુસ્તાનની અંદર! ભારત અને ઇન્ડિયા જુદા પડી ગયા! ક્ષેત્રવાદ, ભાષાવાદ, જાતિવાદ, કોમવાદ જીતી ગયા! બંદૂકની ગોળીઓ અને ચપ્પાની અણીઓને અભિવ્યક્તિની નાઝાયઝ સ્વતંત્રતા મળવા લાગી. સળગતી બસ્તીઓ અને બિનવારસી લાશો પર પાર્ટીઓ એ સ્ટીકરો ચોટાડી દીધા ને રંગોને પણ ધર્મ-નાત - આકાર - પ્રકાર - વિકાર આપી દીધા! સ્વહિતની પ્રક્રિયાએ જનતાના સેવકોને જનતાના શાસકોમાં ફેરવી દીધા! ભારતીય લોકતંત્ર કશ્મકશના દોર વચ્ચેથી પણ ધબકી રહ્યું છે એક વિકલાંગ રાજનીતિ સાથે! એક ઝાડું પાસે પાસે વધી છે લોકોની... કદાચ આ સાફ કરે ગંદકી રાજનીતિની... એ પણ ગંદા થયા વગર!

અને છેલ્લે વિખ્યાત હિન્દી કવિ રામધારી સિંહ દિનકરની એક વિખ્યાત રચના

સિંહાસન ખાલી કરો કી જનતા આતી હૈ
સદિયોં કી ઠંડી, બુઝી રાખ સુગબુગા ઊઠી,
મિટ્ટી સોને કા તાજ પહન ઇઠલાતી હૈ;
દો રાહ, સમય કે રથ ના ઘર્ઘર - નાદ સુનો,
સિંહાસન ખાલી કરો કી જનતા આતી હૈ ।
જનતા? હાં, મિટ્ટી કી અબોધ મૂરતેં વહી,
જાડે-પાલે કી કસક સદા સહનેવાલી,
જબ અંગ-અંગ મેં લગે સાંપ હો ચૂસ રહે
તબ ભી ન કભી મુંહ ખોલ દર્દ કહનેવાલી ।
જનતા? હાં, લંબી-બડી જીભ કી વહી કસમ,
"જનતા, સચમુખ હી, બહી વેદના સહતી હૈ ।"
"સો ઠીક, મગર, આખિર ઇસ પર જમાનત કયા હૈ?"
"હે પ્રશ્ન ગૂઢ જનતા ઇસ પર કયા કહતી હૈ?"
માનો, જનતા હી ફૂલ જિસે અહસાસ નહીં,
જબ ચાહો તભી ઉતાર સજા લો દોનોં મેં;
અથવા કોઇ દુધમુંહી જિસે બહલાને કે
જન્તર મન્તર સીમિત હોં ચાર ખિલૌનોં મેં ।
લેકિન હોતા ભૂડોલ, બવંડર ઉઠતે હૈં,
જનતા જબ કોપાકુલ ભૃકૃતિ ચઢાતી હૈ;
દો રાહ, સમય કે રથ કા ઘર્ઘર-નાદ સુનો,
સિંહાસન ખાલી કરો કી જનતા આતી હૈ ।
હુંકારોં સે મહલોં કી નીંવ ઉખડ જાતી,
સાંસોં કે બલ સે તાજ હવા મેં ઉડતા હૈ,
જનતા કી રોકે રાહ, સમય મેં તાવ કહાં ?
વહ જિધર ચાહતી, કાલ ઉધર હી મુડતા હૈ ।
ઉબ્દોં, શતાબ્દિયોં, સહસ્ત્રાબ્ધ કા અંધકાર
બીતા; ગવાક્ષ અંબર કે દહકે જાતે હૈં;
યહ ઔર નહીં કોઇ, જનતા કે સ્વપ્ન અજય
ચીરતે તિમિર કા વક્ષ ઉમડતે જાતે હૈં ।
સબ સે વિરાટ જનતંત્ર જગત કા આ પહુંચા,
તૈંતીસ કોટિ - હિત સિંહાસન તૈયાર કરો
અભિષેક આજ રાજા કા નહીં, પ્રજા કા હૈં,
તૈંતીસ કોટિ જનતા કે સિર પર મુકુટ ધરો ।
આરતી લિયે તૂં કિસે ઢૂંઢતા હૈ મૂરખ,
મન્દિરોં, રાજપ્રાસાદોં મેં, તહખાનોં મેં ?
દેવતા કહીં સડકો પર ગિટ્ટી તોડ રહે,
દેવતા મિલેંગે ખેંતો મે, ખલિહાનોં મેં ।
ફાવડે ઔર હલ રાજદણ્ડ બનને કો હૈં,
ધૂસરતા સોને સે શ્રૃંગાર સજાતી હૈ;
દો રાહ, સમય કે રથ કા ઘર્ઘર-નાદ સુનો,
સિંહાસન ખાલી કરો કિ જનતા આતી હૈ ।

- રામધારી સિંહ દિનકર

- ch9723367647@yahoo.com

## પરમ સત્ય પરબ્રહ્મ નિરાકારનું જ્ઞાન પ્રદાન કરતી વિભુતિને આપણે સદ્ગુરૂના નામથી ઓળખીએ છીએ

### સંત નિરંકારી મિશન-એક પરિચય

- લક્ષ્મી એમ. વાધવાણી (નિરંકારી)

- સંત નિરંકારી મિશન કોઈ પ્રચલિત ધર્મ કે સંપ્રદાય નથી પરંતુ, એક વિચારધારા છે.

- સંત નિરંકારી મિશનિ નિરાકાર પ્રભુની જાણકારી પ્રાપ્ત કર્યા પછી ભક્તિ કરતા કરતાં મર્યાદિત જીવન જીવવાની એક પદ્ધતિ છે - આ મિશન પરમ પિતા પરમાત્માનું ઘટ-ઘટમાં (દરેક દેહમાં) દર્શન કરાવીને વિશ્વ બંધુત્વની સ્થાપના કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ દશ્યમાન જગતને બનાવનાર, ચલાવનાર અને સંહાર કરનાર પરબ્રહ્મ જ છે. **(G-generator, O-Operator, D-Destroyer = GOD)** યોગ્ય છે, નિરંકારી મિશન એ નિશ્ચિત મત ધરાવે છે કે બ્રહ્માનુંભૂતિમાં જ મનુષ્ય યોગિનીની સાર્થકતા છે.

- પરમ સત્ય પરબ્રહ્મ નિરાકારનું જ્ઞાન પ્રદાન કરતી વિભુતિને આપણે સદ્ગુરૂના નામથી ઓળખીએ છીએ. જે વ્યક્તિ નિરંકારના કણકણમાં દર્શન કરી, નિરંકારના સ્મરણમાં સત્યના જાણકાર/જ્ઞાતાઓની સંગમતાં અને પ્રાણીમાત્રની સેવામાં તલ્લીન રહે છે, તે વ્યક્તિને આપણએ નિરંકારી કહીએ છીએ.

સંત નિરંકારી મિશનનો આ પ્રચાર ઈ.સ. ૧૯૨૯માં બાબા બુટાસિંહજીએ પેશાવરથી પ્રારંભ કર્યો.

ઈ.સ. ૧૯૪૩ માં આ મિશનના પ્રચાર-પ્રસારનું ઉત્તરદાયિત્વ બાબા બુટાસિંહજીએ તેમનાં અનન્ય ભક્ત તથા પરમ શિષ્ય બાબા અવતારસિંહજીને સોંપ્યું.

ઈ.સ. ૧૯૬૨ માં બાબા અવતારસિંહજીએ આ સત્યના પ્રચારનું સુકાન બાબા ગુરૂબચનસિંહજીને સોપ્યું.

ઈ.સ. ૧૯૮૦ માં બાબા ગુરૂબચનસિંહજીના બલિદાન પછી સદ્ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ આ ઈશ્વરીય જવાબદારી નિભાવી રહ્યા છે.

સંત નિરંકારી મિશન એ માન્યતામાં વિશ્વાસ રાખે છે કે, નિરાકાર પરબ્રહ્મ સૃષ્ટિનાં કણ કણમાં વ્યાપ્ત તો છે જ, સાથે સાથે સંપૂર્ણ દશ્યમાન જગતથી નિરાળા પણ છે. સંપૂર્ણ દશ્યમાન સૃષ્ટિ પરિવર્તનશીલ છે. આ પ્રકારે જગત સ્થાયી, સ્થિર અને એકરસ નથી. આ પંચ ભૌતિક સૃષ્ટિ પરિવર્તનશીલ હોવા છતાં જે અસ્તિત્વ સદૈવ, સ્થાયી, સ્થિર અને એકરસ છે, એ જ નિરાકાર પરબ્રહ્મ છે.

- પરમાત્મા નિરાકાર હોવા છતાં અનુભૂતિગમ્ય છે. જાણવા યોગ્ય છે. વાસ્તવમાં, નિરાકાર પરમાત્માની જાણકારી એ જ માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ છે.

સંત નિરંકારી ભવનો દેશ-વિદેશમાં ઉપલબ્ધ છે. ગાંધીનગર ખાતે કે.એસ. ચુઘ (નિવૃત્ત ડી.વાય.એસ.પી - વાયરલેસ) આ સાનિધ્યમાં - સંત નિરંકારી ભવન, શાંતિવન, સોસાયટી, સામે ચીપ ટાઈપ સોસાયટી સામે, ચ-રોડ, સેક્ટર-૨૯/૩૦ ના બસ સ્ટેન્ડ, સેક્ટર-૩૦ ખાતે ઉપલબ્ધ છે. જયાં દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ દરમિયાન નિયમિતપણે સત્સંગનો કાર્યક્રમ હોય છે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાએ આ સત્સંગનો લાભ અચૂકપણે લેવા નિમંત્રણ છે.

વધુમાં, સંત નિરંકારી મિશનના વડા સદ્ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજના પ્રવચન **Zee TV** પર દર બુધ અને ગુરૂવારે સવારે ૬.૦૦ થી ૬.૩૦ દરમિયાન આવે છે તેનો લાભ પણ સર્વે ભક્તજનોએ અછોક લેવા વિનંતી છે. વધુ માહિતી માટે **Sant Nirankari Mission** ની વેબસાઈટ પણ જોવા વિનંતી છે. મિશનની વધુ માહિતી આવતા અંકે...

## ભક્તનું હૃદય જયારે ભાવથી ભરાઈને છલકાઈ જાય છે ત્યારે પ્રાર્થનાના શબ્દો બની વહે છે, પ્રાર્થના તો ભીતરના મૌનનું બોલકું સ્વરૂપ છે

### મન સાથે વાત

- મનજી

એક વખત ગુરૂ પોતાના શિષ્ય સાથે જાણીતા મંદિર પાસેથી કારમાં પસાર થઈ રહ્યાં હતા. મંદિરની બહાર દર્શનાર્થીઓની લાંબી લાઈન લાગી હતી. કેટલાક લોકો પગમાં ચપ્પલ વિના ઉભા હતા. એ મંદિરમાં દર્શનનો મહિમા બહુ હોવાથી પગપાળા લોકો ચાલીને આવતાં હતા. કેટલાક તો રોડ પર આળોટતાં આળોટતાં આવ્યા હતા. લોકો કલાકોથી દર્શન માટે રાહ જોઈ રહ્યા હતા. આ બધાને જોઈને શિષ્ય દયાભાવે ગુરૂને પ્રશ્ન કર્યો. ગુરૂજી ભગવાનના આ ભક્તો આટલું કષ્ટ વેઠી રહ્યા છે છતાં ઈશ્વર દર્શન આપવામાં આટલી પરીક્ષા કેમ કરે છે? ઈશ્વર નિર્દયી કેમ બને છે?

ગુરૂજીએ શિષ્યની વાતનો કોઈ પ્રત્યુત્તર ન આપ્યો. તેમણે કાર સાઈડમાં ઉભી રાખવા ડ્રાઈવરને સૂચના આપી અને શિષ્યને કહ્યું હું અહીં રાહ જોઉં છું. તું આ દર્શન માટેની લાઈનમાં ઊભા રહેલાઓને જઈને પૂછી આવ કે એ લોકો અહીં લાઈનમાં શાના માટે ઊભા છે. શિષ્યને ગુરૂજીની વાત જરા વિચિત્ર લાગી. તેણે કહ્યું, દર્શન માટે જ સ્તો ઊભા છે ને! ગુરૂજીએ કહ્યું, હા. તું જ્યારે તેમને સવાલ પૂછીશ તો પહેલાં તો તેઓ તને આજ જવાબ આપશે પણ તું જરા ધીરજપૂર્વક તેમની સાથે વાત કરજે અને પછી મને આવીને કહેજે.

શિષ્યને આ અજબ લાગ્યું પણ કરી શું શકાય ગુરૂની આજ્ઞા છે એટલે એ લાઈનમાં ઊભેલા લોકો પાસે પહોંચ્યો. તેણે જ્યારે ત્યાં ઊભેલા ભક્તોને પ્રશ્ન કરવા લાગ્યો ત્યોર પહેલાં તો દરેક વ્યક્તિએ એમ જ કહ્યું કે તે પ્રભુના દર્શન કરવા આવ્યો છે પણ શિષ્ય જેમ જેમ વાત કરતો ગયો તેમ તેમ તેને જાણ થવા માંડી કે કોઈ નોકરી માટે, કોઈ પોતાના પર ચાલી રહેલા કેસ માટે, કોઈ લગ્ન માટે તો કોઈ છૂટાછેડા માટે, કોઈ પોતાની શારીરિક પીડાના અંત માટે, કોઈ પરીક્ષામાં સારા માર્કે પાસ થવા માટે તો કોઈ વ્યક્તિ પોતે કરેલી માગણી પૂરી થઈ હતી એટલે માનતા પૂરી કરવા તો કોઈ પોતાની માગણી પૂરી થાય એ માટે માનતા માનવા આવી હતી.

**એક પ્રાર્થનામાં માગણી, યાચના હોય છે પણ એક પ્રાર્થના એવી પણ હોય છે કે જેમાં જે મળ્યું છે, જે આપ્યું છે એ માટે ધન્યવાદની લાગણી હોય છે, તો ઈશ્વર પ્રત્યે હૃદયના ભાવની અભિવ્યક્તિ પણ હોય છે**

થોડા કલાકો પછી શિષ્ય પોતાના ગુરૂ પાસે આવ્યો તો ગુરૂજીએ તેની સામે સ્મિત કરી રહ્યા હતા. શિષ્યે કારમાં બેસતાવેંત જ અકળાઈને કહ્યું, બધા કોઈને કોઈ દુઃખમાંથી મુક્તિ કે પછી સુખ સચવાય રહે એ માટે આવ્યા છે.

ગુરૂજીએ જરા પણ વિચલિત થયા વિના શાંત ચિત્તે જવાબ આપ્યો, ભાઈ હવે તું જ કહે કે જો કોઈને ઈશ્વરના દર્શન જોઈતા જ નથી તો ઈશ્વરના દર્શન તેમને ક્યાંથી થાય. જો કે ઈશ્વરે દર્શન આપવા આવવાની જરૂર જ નથી કારણ કે ઈશ્વર તો દર્શન દઈ જ રહ્યો છે પણ આમાંના કોઈને ય તેની સામે જોવાની ફુરસદ નથી.

હમણાં દિવાળી ગઈ છે અને ધનતેરસે લક્ષ્મી પૂજન, દિવાળીમાં ચોપડા પૂજન કરીને અને નવા વર્ષના દિવસે મંદિરમાં કે પછી આપણા પોતાના ઘરના નાનકડા મંદિરમાં બિરાજતા બહુચર માતાજી, અંબાજી, ચામુંડા, શિવ, હનુમાનજી, સાંઈબાબા કે ગણપતિદાદા પાસે હાથ જોડીને, શિશ નમાનીને આપણે પણ આપણા અને આપણા સ્વજનોના યોગક્ષેમની માગણી કરતી પ્રાર્થનાઓ કરી છે. જો કે આને પ્રાર્થના કરતા યાચના કહેવી વધુ યોગ્ય ગણાશે કારણ કે પ્રાર્થના તો ઈશ્વર સાથે સંવાદ છે. ભક્તનું હૃદય જયારે ભાવથી ભરાઈને છલકાઈ જાય છે ત્યારે પ્રાર્થનાના શબ્દો બની વહે છે. પ્રાર્થના તો ભીતરના મૌનનું બોલકું સ્વરૂપ છે. જો કે આમ જુઓ તો ભક્તોએ પણ પોતાના પ્રિયતમ કે ઈશ્વર પાસે માગણીઓ તો કરી જ છે પણ તેમની માગણીઓ આપણી માગણીઓ જેવી સંપત્તિ, મિલકત કે દુઃખના અભાવ અને સુખના અંબારની નથી. આવી જ એક માગણી રવીન્દ્રનાથ ટાગોરે ગીતાંજલિમાં કરી છેઃ

હે પ્રભુ મારી તને પ્રાર્થના છે કે
મારા હૃદયની પામરતા પર જનોઈવાઢ ઘા કરી
એને જડમૂળથી ઉખાડી નાખ
મારા આનંદને પણ અને મારા શોકને પણ
હું સહજતાથી સહી શકું એવું મને બળ આપ
મારો પ્રેમ સેવા બનીને સમર્પિત થાય
એવું મને સામર્થ્ય આપ
રંકને તરછોડું નહીં અને
સમરથના ચરણે આળોટું નહીં
એવી મને ક્ષમતા આપ
રોજબરોજની નિરર્થક વાતોમાંથી
મારૂં મન ઊંચું ઉઠીને ઉન્નતિ ભણી વળે
એવું મને તું બળ આપ
મારૂં બધું જ સામર્થ્ય તારા ચરણોમાં સમર્પિત કરી શકું
એવી જ પ્રભુ મને તું શક્તિ આપ.

આપણી માગણીઓ તો આપણા અંગત અને સાંસારિક સુખ માટે હોય છે પણ એક માંગણી કુંતીએ શ્રીકૃષ્ણ પાસે કરી હતી. મહાભારતનો એક પ્રસંગ એક સંત પાસેથી સાંભળ્યો હતો. મહાભારતનું યુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું. કૌરવોનો પરાજય અને પાંડવોનો વિજય થયો હતો. યુદ્ધ પુરૂ થયા બાદ શ્રીકૃષ્ણ દ્વારકા જઈ રહ્યા હતા. જતાં પહેલાં તેઓ કુંતીને મળવા અને રજા લેવા ગયા. કુંતી પાસે જઈને કૃષ્ણે તેમના ક્ષેમકુશળ પૂછ્યા અને પછી રજા માગી. કૃષ્ણે કુંતીને કહ્યું કે જતાં પહેલાં હું તમને કંઈક ભેટ આપી જવા માંગુ છું. તમને જ કહો કે હું તમને શું આપું?

કુંતીએ ક્ષણભરનો પણ વિચાર કર્યા વિના કહ્યું, તારે જો મને આપવું હોય તો મને દુઃખ દેતો જા.

પાંચેય પાંડવો ત્યાં હાજર હતા. પાંચેય ભાઈઓ ચોંકી ગયા કે આ શું બોલી રહી છે? આટલી ભીષણ યુધ્ધમાંથી હમણાં જ બહાર આવ્યા છીએ. વનવાસ, દ્રૌપદીનું ચીરહરણ, અભિમન્યુનું મૃત્યુ અને આટઆટલી વિપત્તિઓ અને દુઃખો ભોગવ્યા છે અને મા ફરીવાર દુઃખ માગી રહી છે? આનું ક્યાંય ચસકી તો નથી ગયું ને?

શ્રીકૃષ્ણ તો કુંતી શું અને શું કામ માગી રહી છે એ પહેલાં જ સમજી ચૂક્યા હતા પણ પાંચેય ભાઈઓ કંઈ બોલે એ પહેલાં જ શ્રીકૃષ્ણે પૂછ્યું, દુનિયા આખી મારી પાસે સુખ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય માગે છે અને તમે દુઃખ માગ્યું? કુંતીએ માત્ર એટલું જ કહ્યું, જ્યાં સુધી જીવનમાં દુઃખ હતું ત્યાં સુધી અમારી સાથે કૃષ્ણ હતા. જીવનમાં જેટલાંય દુઃખ અને વિપત્તિના પ્રસંગો આવ્યા ત્યારે તમે અમારી સાથે હતા. એટલે જ મેં દુઃખ માગ્યું કે જ્યાં સુધી દુઃખ છે ત્યાં સુધી સાથે કૃષ્ણ છે.

આપણને તો પેલા મંદિરની બહાર લાઈન લગાડીને ઊભેલા ભક્તોની જેમ કોઈને કોઈ ચીજવસ્તુ કે સુખ જોઈએ છે. આપણે સુખ માગીએ છીએ એટલે આપણને સુખ-સમૃદ્ધિ મળી પણ જાય છે પણ કૃષ્ણ મળતા નથી કારણ કે આપણને કદાચ કૃષ્ણ જોઈતા પણ નથી. પરંતુ ભક્તોની પ્રાર્થનાની માગણીઓ પણ એવી જ પ્રેમસભર હોય છે. તેમની માગણી યાચક જેવી નહીં પણ ખુમારીભરી હોય છે. માતા કૃષ્ણાબાઈ નામની એક ભક્તા પોતાની પ્રાર્થનારૂપી ઈશ્વર સાથેના સંવાદમાં કહે છે.

હે ભગવાન
તારી સાથે વાત કરવાની મજા
તારી સાથે ચૂપ રહેવાની મજા
આંખ ખુલ્લી રાખું તો પણ આનંદ
આંખ બંધ હોય તો પણ આનંદ
તું કંઈ આપે એમાં આનંદ
તું કંઈ ન આપે એનાથી પણ આનંદ
તારી પાસે માગવાની મજા
તારી પાસે મેળવવાની મજા
તારી પાસે કંઈ ન મળે તો પણ આનંદ
તારી અંદર આનંદ
તારી બહાર પણ આનંદ

એક પ્રાર્થનામાં માગણી, યાચના હોય છે પણ એક પ્રાર્થના એવી પણ હોય છે કે જેમાં જે મળ્યું છે, જે આપ્યું છે એ માટે ધન્યવાદની લાગણી હોય છે, તો ઈશ્વર પ્રત્યે હૃદયના ભાવની અભિવ્યક્તિ પણ હોય છે. એ જાણીતા કવિની શહેનશાહી ઈર્ષ્યા આવે એવી છે. તેઓ ઈશ્વરનેય દાદાગીરીથી કહી શકે છે કે

તેં મુજને ત્રણવાનાં આપ્યા
હૈયુ, મસ્તક ને હાથ
બહુ દઈ દીધું નાથ
જા, ચોથું નથી માંગવું